# પોગલુમાં ખેતી પર ભુંડોનો આતંક

**રાત્રીના સમયે ખેતરમાં ઘુસી ભેરાણ કરે છે : એકજ રાત્રીમાં દોડ વિગા મગફળીનું બિયારણ ઝાપટી ગયા : ભુંડોથી બચવા રોજ રાત્રે ખેડૂત ફટાકડા ફોડી ભુંડોને ભગાડે છે**

પ્રાંતિજ, તા. ૨૧

પ્રાંતિજ તાલુકાના પોગલુ ગામે છેલ્લા કેટલાક દિવસોથી ખેડૂતોની ઉંઘ હરામ થઈ ગઈ છે. અને ભુંડના આંતકને લીધે રાત્રીના ઘરને બદલે ખેતરોમાં સુવાનો વારો આવ્યો છે.

પ્રાંતિજના પોગલુ ગામે છેલ્લા કેટલાક દિવસોથી રાત્રીના સમયે ખેતરોમાં ભુંડોના ઝુંડ આવતા ખેતીના પાકને નુકશાન પહોંચાડે છે. તથા મગફળીનું બિયારણ ખેતરોમાંથી ઝાપટી જાય છે ત્યારે ખેડૂતની મહેનત ઉપર પાણી ફરી વળ્યું છે. અને બિયારણ ખેડા સહિતનો ખર્ચો માથે પડ્યો છે. રાયડો, એરંડા, ઘઉંમાં એક સાથે ભુંડનું ઝુંડ ભાગ-દોડ કરતા પાકમાં ભેરાણ થયું છે. જ્યારે પોગલું ખાતે રહેતા વાસુભાઈ કાન્તિભાઈ પટેલના ખેતરમાં દોડી વિગામાં મગફળીનું બિયારણ નાખવામાં આવ્યું હતું જે એકજ રાત્રિમાં ભુંડોનું ઝુંડ આવતા બિયારણ ઝાંપટી જતા ખેડૂતને બિયારણ ખેડાણ સહિતનો દશ હજારનો ખર્ચ માથે પડ્યો છે. જ્યારે ખેડૂતોને પાકને બચાવવા રાત્રીના સમયે ઘરની જગ્યાએ કડકડતી ઠંડીમાં પણ ખેતરોમાં ખાટલા નાંખીને પડી રહેવું પડે છે. ત્યારે હમણાં કેટલાક દિવસોથી ખેડૂતો દ્વારા પાકને ભુંડોથી બચાવવા દિવાળીમાં ફોડવામાં આવતા ફટાકડા ફોડી ભુંડોને ભગાડવામાં આવે છે. ત્યારે એકબાજુ રાત્રીના ઉજાગરા અને બીજી બાજુ મોંઘા બિયારણ અને બજારમાં ભાવ ના મલતા ખેડૂતોની હાલત હાલ કફોડી બની છે. ત્યારે તંત્ર દ્વારા આવા ભુંડોને પકડી કાર્યવાહી થાય તેવું ખેડૂતો જણાવી રહ્યા છે.



## અરવલ્લી ડી.એસ.પી. વિદાય

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક એવા મોડાસા શહેરમાં આવેલ જિલ્લા ડીએસપી કચેરીમાં પ્રથમ આવેલ પોલીસ અધિક્ષક શ્રી મયુરસિંહ ચાવડા અરવલ્લી જિલ્લાના પ્રથમ ડીએસપી તરીકે બે વર્ષની અરવલ્લી જિલ્લામાં સેવા આપ્યા બાદ તેમની અમદાવાદ ખાતે બદલી થતા પત્રકારો દ્વારા એસપી કચેરીમાં સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો.

# બાળકોમાં ડાયાબિટીસ અંગે જાગૃતી ફેલાવા મોડાસામાં પરિસંવાદ યોજાયો

મોડાસા, તા. ૨૧

બદલાતી જીવનશૈલીનાકારણે અસાધ્ય ડાયાબિટીસનો રોગ અજગરી ભરડો લઈ રહ્યો છે. એક અંદાજ પ્રમાણે દર ૧૦૦એ ૧૧ વ્યક્તિ રોગમાં સપડાયેલા છે. ડાયાબિટીસ રોગના મૂળ બાળપણમાં નંખાય છે. વાસ્તવિકતા હેઠળ મોડાસાના એક તબીબે રોગને નાથવા માત્ર શાળાના બાળકોને જાગૃત કરવા અભિયાન હાથ ધર્યું છે અને તબક્કાવાર તાલુકા અને જિલ્લાભરની શાળાઓના શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને જાગૃત કરવામાં આવશે.

મોડાસાના ડાયાબિટોલોજિસ્ટ ડૉ. ભાવેશ પટેલના જણાવ્યા મુજબ ગુજરાતમાં ૭૪ લાખથી વધુ દર્દીઓ ડાયાબિટીસના રોગથી પીડાય છે. જેમાં દર ૪ વ્યક્તિમાંથી એક વ્યક્તિ નાની ઉંમરથી રોગનો ભોગ બનેલા હોય છે.

ડાયાબિટીસ થવાના કારણોમાં વારસાગત, વધુ વજન, બેઠાડુ જીવન અને સતત તણાવયુક્ત જીવન જવાબદાર છે. ડાયાબિટીસ રોગનો પાયો દર્દીઓમાં મોટાભાગે બાળપણથી નંખાતો હોઈ જિલ્લાભરના બાળકોને જાગૃત કરવાનું અભિયાનના ભાગરૂપે મંગળવારે મોડાસાની બી-કનાઈ શાળાના ૧૦૦૦ વિદ્યાર્થીઓ તેમજ ૬૦ શિક્ષકોને માર્ગદર્શન અપાયું હતું. બાળકો સૌથી વધુ શિક્ષકોનું કહ્યું માનતા હોઈ તબીબ દ્વારા અભિયાન હેઠળ પ્રથમ તબક્કામાં તાલુકા અને ત્યારબાદ જિલ્લાની શાળાઓના શિક્ષકો સાથે પરિસંવાદ યોજવા નક્કી કર્યું છે.

### જંકફૂડ અને બેઠાડું જીવન ડાયાબિટીસ માટે જવાબદાર

ડાયાબિટોલોજિસ્ટ ડૉ. ભાવેશ પટેલના જણાવ્યા મુજબ, ડાયાબિટીસ રોગના અન્ય કારણો સાથે બાળકોની જીવનશૈલી પણ મહંદ અંશે જવાબદાર છે. આજના સમયે ફાસ્ટફુડ ખોરાકના કલ્ચર અને માત્ર વીડિયો કે કોમ્પ્યુટર ઉપર ગેમ રમતા બાળકો આરોગ્યપ્રદ ખોરાક અને વ્યાયામથી વંચિત રહેતા હોઈ રોગનો શિકાર બને છે.

### ૫૦ ટકા લોકોને ડાયાબિટીસ અંગે ખબર પડતી નથી

ઈન્ટરનેશનલ ડાયાબિટીસ ફેડરેશન (આઈડીએફ) અને સનોફી ડાયાબિટીસના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા પરિસંવાદમાં ડૉ. ભાવેશ પટેલે જણાવ્યું હતું કે ૫૦ ટકા લોકોને ડાયાબિટીસ થયો છે તેવી ખબર પડતી નથી. જરૂરી જાગૃતિના અભાવે વકરતો રોગ હૃદય, કિડની અને આંખો સહિત શરીરના સ્નાયુઓને લકવાગ્રસ્ત કરે તે પહેલા સારવાર અને તકેદારી જરૂરી છે.



## ગેરકાયદેસર ખનીજ વહન કરતી ૯ ટ્રકો ઝડપી લેવામાં આવી

અરવલ્લી જિલ્લામાં ખનીજ ચોરી એ સામાન્ય બાબત બની રહી હોય તેમ છાસવારે ઝડપાતા ખનીજચોરો પરથી જણાઈ આવે છે. ત્યારે જિલ્લા ખનીજ વિભાગે મોડાસા તાલુકા અને શામળાજી વિસ્તારમાંથી ૯ ટ્રકોને ઝડપી લીધી હતી. આ ટ્રકોમાં રોયલ્ટી પાસમાં દર્શાવ્યા મુજબ વજન કરતા વધુ વજન ભરેલી માટી, રેતી જેવા ખનીજ દ્રવ્યો ભરેલા હતા. ઓવરલોડ રેતી ભરેલી ખનીજ દ્રવ્યોની ચોરી કરતા ઝડપાયેલા ૯ ટ્રકો અને સાથેના મુદ્દામાલ સહિત ખનીજ વિભાગે રૂપિયા એક કરોડ કરતા વધુનો મુદ્દામાલ સીઝ કરી ખનીજ ચોરી કરી રહેલા ખનીજ ચોરો સામે દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ત્યારે જિલ્લા ખાણ ખનીજ વિભાગ દ્વારા વધુ કડક પગલાં ભરવામાં આવે તેવી આશા રખાઈ રહી છે.

# બનાસકાંઠા પ્રાથમિક શિક્ષણાધિકારીની બદલી

પાલનપુર, તા. ૨૧

બનાસકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી બી.એ. ચૌધરીની અમદાવાદ ખાતે બદલી થતા તેમની જગ્યા ઉપર નવા શિક્ષણાધિકારી તરીકે ડૉ. દિપક દરજીની નિયુક્તી કરવામાં આવી છે. જેમને આજે પાલનપુર ખાતે આવેલી જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરીએ પોતાનો વિધિવત ચાર્જ સંભાળી લીધો છે.

પાટનગર ગાંધીનગર ખાતે આવેલી કમિશનર શાળાોની કચેરી ખાતે મદદનીશ નાયબ નિયામક તરીકે પ્રશંસનીય કામગીરી કરનાર ડૉ. દિપક દરજીની બનાસકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષણઅધિકારી તરીકે બદલી કરવામાં આવતા આજે નવા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ. દિપક દરજીએ પાલનપુર ખાતે આવેલી શિક્ષણ કચેરીએ વિધિવત ચાર્જ સંભાળ્યો હતો. આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી પટેલ સહિત શિક્ષણ કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓએ નવનિયુક્ત શિક્ષણ અધિકારીને શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે સંપૂર્ણ ન્યૂઝ સાથેની મુલાકાતમાં પ્રાથમિક શિક્ષણ અધિકારી ડૉ. દિપક દરજીએ બનાસકાંઠામાં શિક્ષણક્ષેત્રે પછાતપણાનું કલંક દૂર કરવા અને શિક્ષણનો વ્યાપ વધારવા તત્પરતા દર્શાવી અને શિક્ષણ વિભાગની કામગીરીનું પરીણામ આવતા વર્ષે જોવા મળશે તેવી હૈયાધારણ આપી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### ૩૦મીએ શહીદ દિન નિમિત્તે પાલનપુર ખાતે મૌન પાળવા અંગે સાયરન વાગશે

પાલનપુર, તા. ૨૧

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જેમણે પોતાના પ્રાણ આપી શહીદી વ્હોરી છે તેવા શહીદોના માનમાં આગામી તા. ૩૦મી જાન્યુઆરી શહીદ દિનના રોજ સવારે ૧૧ વાગે બે મિનિટનું મૌન પાળવા અને શક્ય હોય તેટલા પ્રમાણમાં કામકાજની, વાહન વ્યવહારની ગતિ એટલો વખત બંધ રાખવી એવો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો છે. આ તારીખે અને સમયે ભારતના દરેક નાગરિકો ગંભીરતાપૂર્વક મૌન પાળે તેવી વિનંતી કરવામાં આવી છે.

પાલનપુર ખાતે એસટી ડિવીઝન ઓફીસમાં આવેલ સાયરન ૧૧ વાગવામાં અડધી મિનિટ બાકી હશે (૧૦-૫૯-૩૧) ત્યારે વાગશે. આ સમયે સૌએ પોતાની જગ્યાએ શાંત ઉભા રહી બે મિનિટનું મૌન પાળશે. મૌનનો સમય પુરો થયો છે એ બતાવવા ૧૧.૦૨ મિનિટે ફરી સાયરન વાગશે ત્યારે રાબેતા મુજબનું કામકાજ ફરીથી શરૂ કરવું.

### હિંમતનગર તાલુકામાંથી યુવક યુવતી ગુમ થતાં ફરિયાદ

હિંમતનગર, તા. ૨૧

હિંમતનગર તાલુકાના ગઢોડા ગામે રહેતો એક યુવક અને શહેરના હડિયોલ રોડ પરના બંગ્લોઝમાં રહેતી એક યુવતી ગુમ થવાના જુદા જુદા મામલે ગુમ થનારના પરિવારજનોએ એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં બુધવારે જાણ કરતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર ગઢોડા ગામે રહેતા રમણભાઈ ગલબાજી ઠાકોર (પરમાર)ના દિકરા રાજેન્દ્રકુમાર ઠાકોર (ઉ.વ.૩૦) મંગળવારે માતા ચંપાબેનને ઘરેથી કામ પર જવાનું કહી નીકળ્યા બાદ આજદિન સુધી ઘરે પરત ફર્યા નથી. દિકરાના ગુમ થવાની ઘટના સંદર્ભે પિતા રમણભાઈએ બુધવારે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. જ્યારે બીજી ઘટનામાં હિંમતનગરના હડિયોલ રોડ પર આવેલા રાજસીટી બંગ્લોઝમાં રહેતા પારૂલબેન વિષ્ણુભાઈ પટેલની દિકરી જીનલબેન (ઉ.વ.૨૩) મંગળવારે તેની મમ્મીને ઘરેથી કોલેજ જવાનું કહી નીકળ્યા બાદ ઘરે પરત ફરી નથી. દિકરીના પરિવારજનોએ શોધખોળ કર્યા બાદ પણ કોઈ અત્તોપત્તો ન મળતા માતાએ ઘટના અંગેની હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. પોલીસે બંને ઘટનાઓ સંદર્ભે કાયદેસરની કાર્યવાહી કરી હતી.



## શામળાજી સેલ્સટેક્ષ ચેક પોસ્ટ પર પચ્ચીસ ટ્રકો પકડવામાં આવી

અરવલ્લી જિલ્લાના શામળાજી સેલ્સટેક્ષ ચેક પોસ્ટ ઉપર છેલ્લા ૩ દિવસમાં સેલ્સટેક્ષના અધિકારીઓ દ્વારા ૨૫ કરતા વધારે પરપ્રાંતીય ટ્રકોને ઝડપી લેવામાં આવી છે. આ તમામ ટ્રકો પાસે સેલ્સટેક્ષને લગતા જરૂરી દસ્તાવેજ કાગળો ટ્રક ચાલકો પાસે ના હોવાનું માલુમ પડતા આ તમામ ટ્રકો અધિકારીઓ દ્વારા અટકાવાઈ છે અને ટ્રકોના કાગળો લઈ વધુ કાર્યવાહી માટે હેડ ઓફીસ અમદાવાદ ખાતે મોકલી આપવામાં આવ્યા છે. અંદાજે સેલ્સટેક્ષ દ્વારા ૨૫ ટ્રકો અને તેમાં રહેલા માલ સહિત અંદાજીત ૫ કરોડ કરતા વધારેનો મુદ્દામાલ અટકાવ્યો છે. ૨૫ કરતા વધારે ટ્રકો અટકાવી દેવાતા તમામ ટ્રકોના ચાલકો હેરાન પરેશાન થઈ ગયા છે. હાલ પુરતા ૫ કરોડથી પણ વધુ રકમનો મુદ્દામાલ અટકમાં રાખી તંત્રએ સેલ્સટેક્ષની ચોરી કે નીયમોનો ભંગ કરનાર માલવાહક ટ્રકો સામે કાર્યવાહી કરવાની શરૂઆત કરી છે જેથી સેલ્સટેક્ષની ચોરી કરતા વેપારી અને ટ્રક ચાલકોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# અરવલ્લીમાં એક જ પોલીસ મથકના ૧૩ પોલીસકર્મીઓની રાતોરાત બદલી

**અરવલ્લી જિલ્લાના બદલાયેલા પોલીસ વડાએ રાતોરાત જિલ્લાના પો. કર્મીઓની બદલીના હૂકમ કર્યા : એક જ પો. સ્ટેશનના ૧૩ જેટલા કર્મીઓની બદલી કરતા પોલીસ બેડામાં આક્રોશ : જિલ્લા પોલીસ વડાની બદલી થયા પછી બદલીના હૂકમો કરી શકે ખરા... પોલીસતંત્રમાં મતમતાંતર**

ધાનેરા, તા. ૨૧

રાજ્ય સરકારના ગૃહ વિભાગે તાજેતરમાં આઈપીએસ પોલીસ અધિકારીઓની બદલીઓ કરી હતી. જેમાં અરવલ્લી જિલ્લાના પોલીસ વડાનો પણ બદલીનો હૂકમ કરાયો છે. બદલીનો હૂકમ થયા પછી જિલ્લા પોલીસ વડાએ વિવિધ પોલીસ સ્ટેશનોમાં ફરજ બજાવતા પોલીસ કર્મીઓની બદલીનો ગંજીપો ચીપ્યો છે જેમાં બદલીની માંગણી કરનાર પોલીસ કર્મીઓની બાદબાકી કરાઈ છે. જેથી પોલીસતંત્રમાં રોષ જોવા મળ્યો છે. અરવલ્લી જિલ્લાના એકજ પો. સ્ટેશનના ૧૩ જેટલા કર્મીઓની બદલી કરાઈ છે જે બાબત અનેક શંકા કુશંકાઓ પેદા કરે છે. પોલીસબેડામાં ચર્ચાય છે તે વાત સાચી હોય તો તે પો. સ્ટેશનના પો.સ.ઈ.એ જિલ્લા પોલીસ વડા સાથેના અંગત સંબંધોનો ઉપયોગ કરી જિલ્લા પોલીસ વડાને ગેરમાર્ગે દોરીને બદલીઓ કરાવી છે. અથવા તો બદલીના હૂકમો કરવામાં મોટા પાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોઈ તેવી શંકા સેવાઈ રહી છે. હવે આવનારા સમયમાં નવા એસપી હાજર થયા પછી આ બદલીઓ રદ કરે છે કે યથાવત રાખે છે તે બાબત નિર્ણાયક રહેશે. ભૂતકાળમાં અરવલ્લી જિલ્લાના સમાહર્તા (કલેક્ટરશ્રી)એ બદલી થયા પછી હથીયારના પરવાનાઓની લ્હાણી કરી હતી તો નવા કલેક્ટરે તમામ પરવાનાઓની મંજુરી બાબતે ફેરવિચારણા કરી નિર્ણય લીધો હતો તેમ નવા જિલ્લા પોલીસ વડા બદલીના હૂકમો અંગે નવેસરથી ફેરવિચારણા કરે તે જરૂરી છે.



## ખેડૂતો દ્વારા કચ્ચારૂ બટાટા કાઢવાની શરૂઆત

શાકભાજીમાં ઉપયોગમાં લેવાતા એવા કચ્ચારૂ બટાટાનું વાવેતર નવરાત્રી અને દિવાળીના સમયે કરવામાં આવ્યું હતું. જેને ખેડૂતોએ જમીનમાંથી કાઢવાની શરૂઆત કરી દીધી છે. બટાટા કાઢવાની શરૂઆત થતાં જ ગત વર્ષ કરતાં પણ ભાવ નીચે ગગડતાં ખેડૂતોમાં ચિંતા પ્રસરી છે. જ્યારે ઉત્પાદનમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળતાં આ વર્ષે પણ બટાટા ખેડૂતોની કમર તોડી નાખે એવી ભીતિ ખેડૂતોમાં જોવા મળી છે.

# ખેડબ્રહ્મામાં કૃષિમેળો અને પરિસંવાદનું ઉદ્‌ઘાટન

ખેડબ્રહ્મા, તા. ૨૧

ખેડબ્રહ્મા ખાતે ખેડૂત તાલીમ કેન્દ્રમાં બે દિવસીય કૃષિમેળો અને પરિસંવાદ યોજવામાં આવેલ છે. જેનું ઉદ્‌ઘાટન બુધવારે જી.સી.એમ.એફ. આણંદ અને સાબરડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ કૃષિમેળામાં ખેડૂત ભાઈ બહેનોને કૃષિ, પશુપાલન, બાગાયત, ગૃહવિજ્ઞાન, આધુનિક ટેકનોલોજી અંગેનુંપ્રત્યક્ષ માર્ગદર્શન માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. ખેડૂતને મુંજવતા પ્રશ્નોનું નિરાકરણ માટે યુનિવર્સિટી અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો દ્વારા ઉત્તમ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કૃષિમેળામાં ૬૫ જેટલા સ્ટોલ લગાડવામાં આવ્યા છે.

કૃષિમેળાની શરૂઆતમાં વિનોદભાઈ પટેલ નાયબ ખેતી નિયામક ખેડબ્રહ્મા દ્વારા આવેલ મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. અને ત્યારબાદ મહેમાનો દ્વારા ખેડૂતોને માહિતી પૂર્ણ પાડી હતી. આ પ્રસંગે જેઠાભાઈ પટેલે જણાવ્યું હતું કે, તાલીમકેન્દ્રોના આવા અભિગમના કારણે આજે ગુજરાતમાં ખેત પેદાશો અને દૂધના ઉત્પાદનમાં વધારો નોંધાયો છે. તેમણે જણાવ્યું હતું કે આવનાર સમયમાં ધંધા રોજગાર કરવા મુશ્કેલ હશે માટે ખેતી પર વધુ ધ્યાન આપો તમારા બાળકોને ઉચ્ચ ભણતર આપો પરંતુ સાથે ખેતીનું જ્ઞાન પણ આપવું જ જોઈએ કારણ કે આવનાર સમય ખેતીનો છે. તેમણે જણાવેલ કે તમારી દિકરીઓને સુખી જોવી હોય તો તેમના માટે બંગલા ન જોતા પણ ખેતી અને પશુ કેટલા છે તે જોજો.

આ પ્રસંગે એચ.વી. પટેલે જણાવેલ કે જીનેટીક પ્રોબ્લેમ, ગ્લોબલ ચેંજીગ અને બિમારીઓ માટે આપણે જ જવાબદાર છીએ આપણે અત્યારથી જ સજીવ ખેતી તરફ વળવુ જોઈએ. ખેતરમાં જૈવીક ખાતરનો જ ઉપયોગ કરવો જોઈએ. આ પ્રસંગે જામરેલાકંપાન નિત્યાબેન તથા મઉ ગામના જીનલબેને પોતાના પ્રતિભાવ રજુ કર્યા હતા. આ કૃષિ મેળામાં ભાઈ અને બહેનો માટે વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી.




## સંક્ષિપ્ત સમાચાર

### આજે હિંમતનગર ખાતે લોકદરબાર

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રજાજનોની સમસ્યા અને પડતી મુશ્કેલીઓના નિવારણ અર્થે લોક દરબારનું આયોજન કરવામાં આવે છે. પ્રજા અને પોલીસ વચ્ચે મિત્રતા કેળવાય તે હેતુથી પોલીસ વિભાગ દ્વારા લોક દરબાર યોજાય છે. જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર ખાતે પોલીસ મહાનિરીક્ષક શ્રી હસમુખભાઈ પટેલની અધ્યક્ષતામાં ટાઉનહોલ ખાતે તા. ૨૨ જાન્યુઆરી ૨૦૧૬ના રોજ ૧૨.૦૦ કલાકે લોક દરબાર યોજાશે જેમાં જિલ્લાના અગ્રણીઓ તથા પ્રજાજનો ઉપસ્થિત રહી પ્રશ્નોની ચર્ચા કરવામાં આવશે.

### દેરોલ પાસે છોટા હાથીએ રિક્ષાને ટક્કર મારતા એકનું મોત

હિંમતનગર, તા. ૨૧

હિંમતનગર-વિજાપુર માર્ગ પર દેરોલ ગામની સીમમાં બુધવારે વહેલી સવારે છોટાહાથી વાહને રિક્ષાને ટક્કર મારતા થયેલા અકસ્માતમાં એક મુસાફરનું ગંભીર ઈજાઓને પગલે મોત નિપજ્યું છે. જ્યારે રિક્ષામાં બેઠેલા અન્ય બે-ત્રણ મુસાફરોને પણ નાની-મોટી ઈજાઓ થઈ હતી. અકસ્માતની ઘટના બાદ ટક્કર મારનાર છોટાહાથી વાહનનો ચાલક પોતાનું વાહન ઘટના સ્થળે છોડી દઈ ભાગી છુટ્યો હતો.

દેરોલ ગામની સીમમાંથી બુધવારે વહેલી સવારમાં પુરઝડપે આવી રહેલા છોટાહાથી વાહન નં. જીજે.૯. ૧૪૨૮ના ચાલકે મુસાફરો ભરી જતી રિક્ષા નં. જીજે.૯.એવી. ૯૨૦૯ને ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં રિક્ષામાં બેઠેલા રૂડીલાલ મંગીલાલ વણઝારા (ઉં.વ.આ. ૪૫)ને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા કરૂણ મોત થયું હતું. અકસ્માતની આ ઘટનામાં રિક્ષામાં બેઠેલા અન્ય બે-ત્રણ મુસાફરોને પણ નાની-મોટી ઈજાઓ પહોંચતા સારવાર માટે ખસેડાયા હતા.

### હિંમતનગર ખાતે લોક ડાયરો યોજાશે

હિંમતનગર, તા. ૨૧

રાજ્ય સરકાર દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ નિમિત્તે લોક ડાયરાનું આયોજન કરવામાં આવી રહ્યું છે જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે તા. ૨૭ જાન્યુઆરી ૨૦૧૬ના રોજ સાંજે ૭.૩૦ કલાકે ડાયરો યોજાશે.